**મે.અમદાવાદ ખાતેનાં મજુર અદાલતનાં એડી.ચીફ જયુડી. મેજીસ્ટ્રેટની કોર્ટમાં, મુ.અમદાવાદ.**

**નવો ફોજદારી કેસ નં.૫૮૪૩/૨૦૧૮**
**જુનો ફોજદારી કેસ નં.૪૦૭/૨૦૧૪**
**આંક–૫**

**ફરિયાદી : – નામદાર સરકારી શ્રમ તરફે શ્રી આર.એચ.સોલંકી**
**કારખાના નિરીક્ષક, અમદાવાદ.**
૩/૫, મો માળ, શ્રમભવન, ખાનપુર, અમદાવાદ.

**વિરૂઘ્ધ**

**આરોપી :– શ્રી નિતીનભાઈ ભરતભાઈ પટેલ (કબજેદારશ્રી)**
અરમાની મેટલ, એલ–૧૯૬,૧૯૭, જી.આઈ.ડી.સી.,
ઓઢવ, અમદાવાદ.

**ગુન્હો :– ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ નાં નિયમ–૯૫(૧) નાં ભંગ બદલ કારખાના અધિનિયમ ૧૯૪૮ની કલમ–૯૨ મુજબ શિક્ષા પાત્ર ગુનો કરવા બાબત.**

---

**ફરિયાદી તરફે.** ગેરહાજર
**આરોપી તરફે વિ.વ.**શ્રી એ.જી.પાંડે

---

**–:: ઠ રા વ ::–**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદીએ તા. નાં રોજ ના રોજ સદરહુ કારખાનાની મુલાકાત લેતાં, આરોપીએ **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ નાં નિયમ–૯૫(૧) નાં ભંગ બદલ** જે કારખાના અધિનિયમ–૧૯૪૮ ની **કલમ–૯૨** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોકત સંદર્ભની ફરિયાદ અત્રેની અદાલત સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતાં અત્રેની કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ તેમનાં વકીલશ્રી મારફતે અત્રેની અદાલત સમક્ષ, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ. ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહી કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૪) આરોપીએ ગુન્હાની કબુલાત પુરસીસ રજુ કરતાં આરોપીને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂઘ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપી પોતાને ગુનો કબુલ કરતા હોવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીની પ્લી રેકર્ડ કરવામાં આવતાં તેમાં પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબુલ

હોવાનું જણાવેલ છે.આમ, આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતાં હોવાનું જણાય છે.

(૫) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેમના ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવું છે. સવિશેષ નામ.ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરૂધ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

<u>--:: હુ ક મ ::--</u>

૧) સદર કામે આરોપીને ક્રિ.પ્રો.કો.કલમ–૨૫૨ અન્વયે **ગુજરાત કારખાના નિયમો ૧૯૬૩ નાં નિયમ–૯૫(૧) નાં ભંગ** બદલ કારખાના ધારાની **કલમ–૯૨** હેઠળ તકસીરવાન ઠરાવીને આરોપીને કુલ **રૂા.૨,૦૦૦/– (અંકે રૂપિયા બે હજાર પુરા) નો દંડ,** અને જો દંડ ન ભરે તો દિન–૩૦ ની સાદી કેદની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે.

૨) આરોપી દંડની રકમ ભરવામાં કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેસની સજા ભોગવવાની રહેશે.

૩) આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી

આ હુકમ આજરોજ તા.૧૩/૦૫/૨૦૨૩ નાં રોજ અત્રેની કોર્ટમાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : .૧૩–૦૫–૨૦૨૩.
સ્થળ : અમદાવાદ.

**(અબ્બાસમીયા મહંમદમીયા શેખ)**
**CODE : GJ01031**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**

M.F.PARMAR,(P.A.)